EDII

Divyabhaskar

July 13, 2019
Page No. 2

### 2 હજાર ઉદ્યોગ સાહસિકોને તાલીમ અપાઈ

# EDI સંશોધનથી SC-STના યુવાનોને પ્રોત્સાહન આપશે

## અત્યાર સુધી 68 કાર્યક્રમો યોજાયા છે

એજ્યુકેશન રિપોર્ટર | અમદાવાદ

ઈડીઆઈ (આંત્રપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા) વંચિત સમુદાયના યુવાનોની ઉદ્યોગ સાહસિકતાને પ્રોત્સાહન આપવાની ઝૂંબેશને સઘન બનાવશે. આગામી સમયમાં યુવાનોમાં સ્વરોજગારીની તકોનું સર્જન કરવા, ઉદ્યોગ સાહસિકતા સ્થાપિત કરવા અને સંચાલનના તમામ પાસાઓની તાલીમ અપાશે.

ઈડીઆઈએ અત્યાર સુધી એસસી, એસટી કેટેગરીના યુવાનો માટે 68 જેટલા કાર્યક્રમો કર્યા છે. 2 હજાર સંભવિત ઉદ્યોગ સાહસિકોને તાલીમ પણ અપાઈ છે.

ઈડીઆઈ રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે એસસી, એસટી કેટેગરીના યુવાનોને પ્રોત્સાહન આપવા દલિત ઈન્ડિયન ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ સાથે પણ કાર્યરત છે.

ઈડીઆઈના સત્તાવાળાઓનું માનવું છે કે, 'સ્ટાર્ટ-અપ ઈકો સિસ્ટમના એકેડમિક સ્ટેક હોલ્ડર તરીકે ઈડીઆઈનો ઉદ્દેશ ઉદ્યોગ સાહસિકતાના વિવિધ પાસાના સંભવિત નિષ્ણાતોની કુશળતા વધારવાનો, વ્યવપસ્થાપન સાથે સંશોધનમાં પ્રોત્સાહનનો છે. ટ્રાઈબલ એન્ડ દલિત આંત્રપ્રિન્યોરશીપ ફેલોશિપ પ્રોગ્રામ એસસી-એસટી કેટેગરીના વિદ્યાર્થીઓને માટે ઉપયોગી થશે.